ગ્રામરક્ષક/સાગરરક્ષક દળના જવાનોને ચૂકવવામાં આવતા ફરજ ભથ્થાના દર સુધારવા બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ ગરદ/૧૦૯૭/૩૩/પા.ફા./ફ

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૦૧.૧૦.૨૦૧૨.

વંચાણે લીધાઃ-

(૧) ગૃહ વિભાગનો તા. ૨૨.૦૫.૨૦૦૯નો ઠરાવ ક્રમાંકઃ ગરદ/૧૦૯૭/૩૩/પા.ફા./ફ

(૨) ગૃહ વિભાગનો તા. ૩.૦૭.૧૯૮૦ નો ઠરાવ ક્રમાંકઃ ગરદ/૧૦૭૮/૨૯૨૯/ફ

(૩) સંયુક્ત નિયામક, નાગરિક સંરક્ષણ અને ગ્રામ રક્ષક દળ, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા. ૧૬.૦૧.૨૦૧૨નો પત્ર ક્રમાંકઃ જીઆરડી/૧૫૮૭/૩૦/૨૦૧૨ તથા તા.૯.૦૮.૨૦૧૨ ના પત્રક્રમાંકઃજીઆરડી/૧૫૮૭/૪૫૧/૧૨.

**ઠરાવઃ**

ગ્રામરક્ષક/સાગરરક્ષક દળના જવાનોની પોલીસના પુરકદળ તરીકેની કામગીરી લક્ષમાં લેતાં આ જવાનોને ચૂકવવામાં આવતાં દૈનિક ભથ્થાં, અન્ય ભથ્થાઓમાં વધારો કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. ગ્રામરક્ષક/સાગરરક્ષકદળના જવાનોની કાર્યક્ષમતામાં વધારો થાય તથા નિષ્ઠાપુર્વક તેમની ફરજો બજાવે તેમજ તેમના નૈતિક જુસ્સા(Morale Boosting) નો હેતુ લક્ષમાં રાખી રાજ્ય સરકારે ગ્રામરક્ષક/સાગરરક્ષકદળ જવાનોને નીચે મુજબ દૈનિક ભથ્થું તેમજ પ્રવાસ ભથ્થુ આપવાનો/વધારો કરવાનો નિર્ણય કરેલ છે.

| | પ્રવર્તમાન દર | સુધારેલ દર |
|---|---|---|
| દૈનિક ફરજ ભથ્થું<br>( ફરજ તથા તાલીમના સમય માટે) | રૂ.૬૦/- (રૂપિયા સાઇઠ) | રૂ.૧૦૦/- (રૂપિયા એકસો) |
| પ્રવાસ ભથ્થું | રૂ. ૨૦/-(રૂપિયા વીસ) | રૂ. ૩૦/- (રૂપિયા ત્રીસ) |

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૪૬, મુખ્ય સદર-૨૦૭૦-અન્ય વહીવટી સેવાઓ-૧૦૬ નાગરિક સંરક્ષણ-પેટા સદર (૨) ગ્રામરક્ષકદળ હેઠળ ઉધારવાનો રહેશે અને જે તે વર્ષ માટે મંજુર થયેલ અનુદાનમાંથી મેળવવાનો રહેશે.

૩. આ ઠરાવનો અમલ તા.૦૧.૦૯.૨૦૧૨ થી કરવાનો રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૨૨.૦૯.૨૦૧૨ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વિજય બધેકા)

ઉપ સચિવ

ગૃહ વિભાગ

પ્રતિ,

- કમાન્ડન્ટ જનરલશ્રી, ગૃહરક્ષકદળ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- સંયુક્ત નિયામક, નાગરિક સંરક્ષણ અને ગ્રામરક્ષકદળની કચેરી, લાલદરવાજા, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૧, અમદાવાદ/ઓડીટ-૨, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
- સર્વે જિલ્લા માનદ ગ્રામરક્ષકદળ કચેરી
- નાયબ સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, આર શાખા, ગૃહ વિભાગ, સચિવાલય. ગાંધીનગર.
- શાખા સીલેક્ટ ફાઇલ.